ઇન્ડોર અને આઉટડોર પ્રસંગો

# MAનાં સુરક્ષાનાં ધોરણો

COVID-19 કાર્યસ્થળ સાથે સંબંધિત આ જે તે સૅક્ટરની સુરક્ષા એવા કોઈ પણ ઇન્ડોર કે આઉટડોર પ્રસંગ (જેમ કે લગ્ન, પાર્ટી, વગેરે) માટે લઘુત્તમ ધોરણો સ્થાપિત કરવા માટે જારી કરવામાં આવી છે, જે વિશિષ્ટપણે જે તે ક્ષેત્રના COVID-19નાં સુરક્ષા ધોરણો દ્વારા આવરી લેવામાં આવેલ ન હોય.

COVID-19 માટે કાર્યસ્થળનાં આ સુરક્ષાનાં ધોરણો પૂરાં કર્યા વિના કોઈ ઇન્ડોર અથવા આઉટડોર પ્રસંગ ખાતે કોઈ પ્રવૃત્તિ થઈ શકશે નહિ. રાજ્ય દ્વારા સ્થાપિત ધોરણો રદ કરવામાં ન આવે અથવા તેમાં સુધારો કરવામાં ન આવે ત્યાં સુધી સંચાલન માટે જેને પરવાનગી મળી હોય એવી બધી ઍન્ટરપ્રાઇઝને આ ધોરણો લાગુ પડે છે, સિવાય કે જે તે ક્ષેત્ર માટેનાં વિશિષ્ટ ધોરણો ઍન્ટરપ્રાઇઝની કેટલીક કે બધી પ્રવૃત્તિઓને લાગુ પડતાં હોય, જે સ્થિતિમાં ઍન્ટરપ્રાઇઝ જે તે ક્ષેત્ર માટેનાં વિશિષ્ટ ધોરણોનું પાલન કરે તે અનિવાર્ય બનશે. ઍન્ટરપ્રાઇઝના માલિક આ ધોરણોનું પાલન કરવા માટે જવાબદાર હશે. આ ઇન્ડોર અને આઉટડોર પ્રસંગોમાં નીચેના સ્થળે યોજાતા પરંતુ તેના પૂરતા જ મર્યાદિત નહિ એવા પ્રસંગોનો સમાવેશ થાય છે:

- ઇન્ડોર અને આઉટડોર પ્રસંગોની જગ્યાઓ
- બૉલરૂમ્સ
- ખાનગી પાર્ટીના રૂમો
- સાર્વજનિક જગ્યાઓ, જેમ કે પાર્ક

એવો પ્રસંગ જે પરફૉર્મન્સ જોવાના મુખ્ય હેતુથી યોજાય અને જે થિએટર્સ અને પરફૉર્મન્સનાં સ્થળોના નિર્દેશોનું પાલન કરે તે જરૂરી હોય.

વધુ ક્ષમતા ધરાવતા પ્રસંગનાં સ્થળો અને પ્રવૃત્તિઓ જેમનું આયોજન મોટી સંખ્યામાં ભીડ એકઠી કરવા માટે થાય છે તે તબક્કો 4 ન આવે ત્યાં સુધી બંધ રહેવા જોઈએ. તેમાં ગ્રૂપ અથવા દર્શકોની રમતો, મનોરંજન, વ્યાપાર અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે વપરાતાં નીચેનાં સહિતનાં સ્થળોનો સમાવેશ થાય છે:

- મેદાનો, અરેના અને બૉલપાર્ક
- ડાન્સ ફ્લોર
- પ્રદર્શન અને કન્વેન્શન હૉલ
- રસ્તા પર ઊજવાતા તહેવારો અને પરેડ તથા કૃષિ ઉત્સવો
- રસ્તા પર થતી રેસ અને અન્ય મોટા, આઉટડોર આયોજિત ઍમેચ્યોર અથવા પ્રૉફેશનલ ગ્રૂપના ઍથ્લેટિક્સનાં આયોજનો

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો




### સામાજીક અંતર

ઇન્ડોર પ્રસંગના પ્રત્યેક ઑપરેટર હાજર વ્યક્તિની ઍન્ટ્રી અને ઍક્ઝિટ પર નજર રાખે અને હાજર વ્યક્તિઓની સંખ્યા બધા સમયે નીચે પ્રમાણે મર્યાદિત રાખે તે અનિવાર્ય છે:

- ઍક્સેસિબલ, ઇન્ડોર ફ્લોર સ્પેસના 1000 ચોરસ ફીટ દીઠ 8 વ્યક્તિઓ અને 25થી વધુ વ્યક્તિઓ નહિ

આઉટડોર પ્રસંગના પ્રત્યેક ઑપરેટર હાજર વ્યક્તિની ઍન્ટ્રી અને ઍક્ઝિટ પર નજર રાખે અને હાજર વ્યક્તિઓની સંખ્યા બધા સમયે નીચે પ્રમાણે મર્યાદિત રાખે તે અનિવાર્ય છે:

- મ્યુનિસિપલ બિલ્ડિંગ વિભાગ અથવા અન્ય મ્યુનિસિપલ રેકૉર્ડ હોલ્ડર સાથે રેકૉર્ડ પર હોય એવી કબ્જાની પરમિટમાં જણાવ્યા પ્રમાણે જે તે જગ્યામાં મહત્તમ માણસો રહી શકે તે અંગે સુવિધા કેન્દ્રની ક્ષમતાના 25% જેટલા લોકો જ અને 100થી વધુ વ્યક્તિઓ હાજર રહી શકશે નહિ
- જેના માટે હાજર વ્યક્તિઓની મર્યાદા અંગેની કોઈ મંજૂરી રેકૉર્ડ પર ન હોય એવી સુવિધાઓ ઍક્સેસિબલ સ્પેસના 1,000 ચોરસ ફીટ દીઠ 8 વ્યક્તિઓને અને વધુમાં વધુ 100 વ્યક્તિઓને મંજૂરી આપી શકશે

તમામ કેસોમાં હાજર વ્યક્તિઓની સંખ્યામાં તમામ હાજર વ્યક્તિઓ, સ્ટાફ અને અન્ય કામદારોનો સમાવેશ થવો જોઈએ

જ્યાં શક્ય હોય ત્યાં વ્યક્તિઓની વચ્ચે 6 ફૂટ કે વધુનું અંતર રહે તેની ખાતરી કરો

- કામદાર માટેની સામાન્ય જગ્યાઓ અને જ્યાં કામદારો ભેગા થવાની સંભાવના હોય એવા ગીચ વિસ્તારો બંધ કરો અથવા ફરીથી તેની રચના કરો (દા.ત., બ્રેક રૂમ, ભોજનનાં ક્ષેત્રો) જેથી સામાજિક અંતર જાળવી શકાય
- જે વર્કસ્ટેશનો વચ્ચે 6 ફૂટ કે વધુની જગ્યા રાખી ન શકાય તેમને અલગ કરવા માટે ફિઝિકલ પાર્ટિશન હોવાં જોઈએ (પાર્ટિશન ઓછામાં ઓછા 6 ફૂટ ઊંચાં હોવાં જોઈએ)
- ઍન્ટરપ્રાઇઝિંગની સન્મુખ આવતા ગ્રાહક માટે વિઝ્યુઅલ સોશિયલ ડિસ્ટન્સિંગ માર્કર્સ બેસાડો, જેથી ગ્રાહકોને 6 ફૂટ દૂર રહેવા માટે પ્રોત્સાહન મળે (દા.ત., ચૂકવણી કરવા માટેની લાઇનો, રેસ્ટરૂમનો ઉપયોગ કરવા માટે લાઇનો) અને જ્યાં શક્ય હોય ત્યાં ચેકઆઉટ સ્ટેશનો માટે ભૌતિક આડશો
- 6 ફૂટનું અંતર સૂચવવા માટે રૂમો અને હૉલવે પર નિશાન કરો

કામદારો માટે છૂટાછવાયાં ભોજન અને વિરામના સમય રાખો, એક જગ્યાએ ભેગા થઈ શકે એવી મહત્તમ વ્યક્તિઓનું નિયમન કરો અને ઓછામાં ઓછા 6 ફૂટનું શારીરિક અંતર રહે તેની ખાતરી કરો

જ્યાં વ્યક્તિ રોગ અથવા વિકલાંગતાના કારણે ફેસ કવરિંગ પહેરી શકે તેમ ન હોય તે સિવાય બધા કામદારો અને હાજર વ્યક્તિઓ માટે ફેસ કવરિંગ આવશ્યક કરવું



### આરોગ્ય પ્રોટૉકોલ્સ

જ્યાં શક્ય હોય ત્યાં સાબુ અને નળના પાણી સહિત સાઇટ પર હાથ ધોવાની સુવિધા સરળતાથી મળી શકે તેની ખાતરી કરો અને વારંવાર હાથ ધોવાનો આગ્રહ કરો; ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથે આલ્કોહૉલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સનો વિકલ્પ તરીકે ઉપયોગ થઈ શકે

કાર્યસ્થળના સ્થાને કામદારોને પૂરતી ક્લીનિંગ પ્રૉડક્ટ્સ પૂરી પાડો (દા.ત. સૅનિટાઇઝર, ડિસઇન્ફેક્ટિંગ વાઇપ્સ)

કામદારોને આરોગ્ય અને સુરક્ષાના પ્રોટોકૉલ્સ અંગે યાદ કરાવવા માટે સમગ્ર સાઇટમાં દેખાય એવી રીતે પોસ્ટરો મૂકવાં.

ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથેનાં આલ્કોહૉલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સ પ્રવેશદ્વાર, ઍક્ઝિટ અને સમગ્ર ફ્લોર ઍરિયાઝમાં કામદારો તેમજ ગ્રાહકો માટે ઉપલબ્ધ કરાવવાં જોઈએ

કામદારોની વચ્ચે ઉપકરણો અને પુરવઠો શેઅર કરવાનું ટાળો

ગ્રાહકો અને કામદારો દ્વારા ઉપયોગોની વચ્ચે સહિયારા ઉપકરણને ડિસઇન્ફેક્ટ કરો

ઉપયોગોની વચ્ચે સૅનિટેશન વિના ગ્રાહક કે કામદાર દ્વારા ઉપકરણને પરસ્પર સ્પર્શ કરવા પર પ્રતિબંધ મૂકો

એવું જરૂરી બનાવો કે જેને ઉપયોગની વચ્ચે ડિસઇન્ફેક્ટ કરી ન શકાય એવા કોઈ પણ ઉપકરણનો અન્ય ગ્રાહક દ્વારા ઉપયોગ કરી શકાય તે પૂર્વે 24 કલાક માટે તે સેવામાંથી દૂર કરવામાં આવે

જે તે વિભાગ માટેના વિશિષ્ટ પ્રોટોકૉલ્સની વધારાની વિગતો https://www.mass.gov/info-details/reopening-massachusetts પર મળી શકશે

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો



### સ્ટાફ અને કામગીરીઓ

સ્વચ્છતા જાળવવા તથા રોગનું પ્રસારણ ઘટાડવાના ઉદ્દેશ્યથી લેવાયેલાં અન્ય પગલાંઓ સહિત કામદારોને સુરક્ષાની અદ્યતન માહિતી અને તકેદારીઓ અંગે તાલીમ પૂરી પાડો, જેમાં નીચેનાનો પણ સમાવેશ થાય છે:

- સામાજિક અંતર, હાથ ધોવાની ક્રિયા, ફેસ કવરિંગનો યોગ્ય ઉપયોગ
- તાપમાન અથવા લક્ષણોની તપાસ સહિત ઘરે જાતે સ્ક્રીનિંગ
- બિમાર હો તો કામ પર ન આવવાનું મહત્ત્વ
- જો લક્ષણો તીવ્ર બને તો તબીબી સારવાર ક્યારે મેળવવી
- પહેલેથી હોય એવો કયો રોગ વ્યક્તિઓને વાઇરસના સંક્રમણ સામે અને વાઇરસના ગંભીર કેસથી ગ્રસ્ત થવાના જોખમમાં મૂકી શકે

બધા કામદારોમાં સંપર્ક ઓછો કરવા અને ગીચતા ઓછી કરવા માટે કાર્યસ્થળનાં કલાકો અને શિફ્ટ્સમાં ફેરફારો કરો (વિવિધ સમયપત્રકો અથવા છૂટાછવાયા આગમન / પ્રસ્થાન સાથે કામ કરતી ટીમો)

ઇવેન્ટ વેન્યુ સંચાલકોને વિનંતી કરવામાં આવેલ છે કે તેમના ક્લાયન્ટ્સને કોમનવેલ્થના current out-of-state travel order અંગે જાણ કરે અને તેમને  રાજ્યની બહારના કોઈપણ મહેમાનોને ઓર્ડરની જાણ કરવા માટે પ્રોત્સાહિત કરે. ઇવેન્ટ વેન્યુ સંચાલકોને રાજ્યની બહારના પ્રવાસીઓ માટેની આવશ્યકતાઓ વિશે તેમની વેબસાઈટ ઉપર માહિતી પોસ્ટ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

જો કામદારોને બિમારી જેવું લાગતું હોય તો તેઓ કામ પર આવી શકશે નહિ

જો નિયોજકને કાર્યસ્થળ પર પૉઝિટિવ કેસ અંગે જાણ કરવામાં આવે તો નિયોજકે કાર્યસ્થળ જ્યાં આવેલું હોય તે શહેર અથવા નગરના સ્થાનિક સ્વાસ્થ્ય બૉર્ડ (LBOH)ને જાણ કરવી જોઈએ અને સંભવિત સંપર્કોને એકાંતવાસ અને સૅલ્ફ-ક્વોરન્ટીન કરવાની સલાહ આપવા માટે વાજબીપણે કરાયેલી વિનંતી પ્રમાણે LBOHને સહાયતા કરવી જોઈએ. માર્ગદર્શન અનુસાર અને / અથવા LBOHની વિનંતી પર અન્ય કામદારોના પરીક્ષણની ભલામણ કરવામાં આવે છે

કોમનવેલ્થના કાર્યસ્થળ પર સુરક્ષાનાં ફરજિયાત ધોરણોમાં આપેલી રૂપરેખા પ્રમાણે સ્વાસ્થ્યની અગત્યની માહિતી અને સુરક્ષાનાં સંબંધિત પગલાંઓ અંગે કામદારો અને હાજર વ્યક્તિઓને નોટિસ પોસ્ટ કરવી

જરૂરી હોય તો કૉન્ટેક્ટ ટ્રેસિંગ શક્ય બનાવવા માટે કામદારો અને હાજર વ્યક્તિઓની નોંધવહી જાળવો (નામ, તારીખ, સમય, સંપર્કની માહિતી)

હાજર વ્યક્તિઓ બેઠેલી હોય અથવા ઊભેલી હોય, તેઓએ 6થી વધુ લોકોના સમૂહોમાં ભેગા થવું ન જોઈએ

પ્રતીક્ષાકક્ષ અથવા અન્ય સામાન્ય વિસ્તારોમાં અનાવશ્યક સુવિધાઓ (સામયિકો, ગ્રાહક માટે પાણી અથવા કૉફી, ક્લોઝ કોટ રૂમો વગેરે) દૂર કરો

સાઇટ પરની વધારાની સુવિધાઓ અને સેવાઓ ત્યારે જ ખૂલી શકે અને ઑપરેટ કરી શકે, જ્યારે તે સુવિધાઓ અથવા સેવાઓને અન્યથા કોમનવેલ્થના તબક્કાવાર રિઓપનિંગ પ્લાન હેઠળ ઑપરેટ કરવાની મંજૂરી મળી હોય અને ત્યારબાદ સુવિધા કે સેવાને લાગુ પડતા તમામ સૅક્ટરના સુરક્ષાના વિશિષ્ટ પ્રોટોકૉલ્સ કે જે રિઓપનિંગ પ્લાનની વેબસાઇટ પર ઉપલબ્ધ છે તેનું પાલન કરે તે અનિવાર્ય છે. ઉદાહરણોમાં આનો સમાવેશ થાય છે:

- ફૂડ સર્વિસીઝ: રેસ્ટોરાનાં લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરે તે અનિવાર્ય છે. જોકે, શરત એ છે કે સ્ટાફ સાથેના બુફે અને પાસ્ડ ફૂડ સર્વિસ માટે અનુમતિ આપવામાં આવે. સૅલ્ફ-સર્વ, હાજરી વિનાના બૂફે, ટૉપિંગ બાર, ડ્રિન્ક સ્ટેશનો અને અન્ય સામાજિક સર્વિંગ એરિયાઝ બંધ રાખવાં
- બાર: તબક્કો 4 ન આવે ત્યાં સુધી બંધ રહેશે, જોકે, શરત એ છે કે ડ્રિંક સર્વિસ સર્વર્સ દ્વારા પૂરી પાડી શકાશે
- સંગીત અને અન્ય પર્ફોર્મન્સ: થિએટર અને પર્ફોર્મન્સના સ્થળના લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે, જેમાં કલાકારો વચ્ચેનું અંતર અને કલાકારો તથા હાજર વ્યક્તિઓ વચ્ચે અંતર જાળવવાનો પણ સમાવેશ થાય છે. ઇન્ડોર સ્થળો પરના દેખાવોમાં ગાયન અથવા વિન્ડ કે બ્રાસ ઇન્સ્ટ્રુમેન્ટ વગાડવાનો સમાવેશ ન થાય તેમ બની શકે છે.
- મ્યુઝિકલ અને અન્ય પરફોર્મન્સ: થિયેટર અને પરફોર્મન્સ સ્થળની અદ્યતન માર્ગદર્શિકાનું પાલન કરવું આવશ્યક છે, જેમાં કલાકારો વચ્ચેનું અંતર અને કલાકારો તથા ઉપસ્થિત લોકો વચ્ચેનું અંતર શામેલ છે. અન્ય રાજ્યોમાંથી આવતા કોઈપણ કલાકારોએ કોમનવેલ્થના current out-of-state travel order નું પાલન કરવાનું રહેશે. ઇનડોર સ્થળો પરના પરફોર્મન્સમાં ગાયન અથવા હવાના પ્રયોગ વડે અથવા બ્રાસના ઇન્સ્ટ્રુમેન્ટ વગાડવાનો સમાવેશ થતો નથી.
- ડાન્સ ફ્લોર્સ: તબક્કો 4 ન આવે ત્યાં સુધી બંધ રહેશે

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

સેન્ટર્સ ફૉર ડિસીઝ કન્ટ્રોલના અનુસાર જેઓના પર COVID-19નું વિશેષ સંકટ હોય એવા કામદારોને ઘરે રહેવા માટે અનુરોધ કરો અથવા ફરજોની પુન:સોંપણી કરો, જેથી અન્ય કામદારો અને ગ્રાહકો સાથેનો સંપર્ક ઓછો કરી શકાય

લક્ષણોની સ્વ-ઓળખ કરવા માટે અથવા જાણીતા કે શંકાસ્પદ COVID-19 કેસની કોઈ પણ નજીકના સંપર્ક અંગે નિયોજકને જાણ કરવા માટે આગ્રહ કરો

જેઓનો COVID-19 પૉઝિટિવ આવ્યો હોય એવા કામદારોને સફાઈ / રોગાણુનાશન અને કૉન્ટેક્ટ ટ્રેસિંગના હેતુઓ માટે ઑફિસના નિયોજકને જાણ કરવા માટે આગ્રહ કરો



### સફાઈ અને રોગાણુનાશન

સાઇટની અવારનવાર સફાઈ અને રોગાણુનાશનની પ્રક્રિયા કરો (ઓછામાં ઓછો રોજ એક વખત અને અનુકૂળ હોય તો વધુ વખત)

જેમાં તારીખ, સમય અને સફાઈના વ્યાપનો સમાવેશ થતો હોય એવી સફાઈની નોંધવહીઓ રાખો

બહુ અવરજવર થતી હોય એવા વિસ્તારો અને બહુ સ્પર્શ થતો હોય એવી સપાટીઓમાં અવારનવાર રોગાણુનાશનની પ્રક્રિયા કરો (દા.ત. બારણાનાં નૉબ, રોલિંગ કાર્ટ, બાથરૂમ)

કોઈ પૉઝિટિવ કેસ આવે તેવી સ્થિતિમાં CDCના નિર્દેશો અનુસાર ઊંડી સફાઈ અને રોગાણુનાશન કરવા માટે સાઇટ બંધ કરો

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

જ્યાં શક્ય હોય ત્યાં હવાનો પ્રવાહ વધારવા માટે બારીઓ અને બારણાં ખોલો

જે તે વિભાગ માટેના વિશિષ્ટ પ્રોટોકૉલ્સની વધારાની વિગતો https://www.mass.gov/info-details/reopening-massachusetts પર મળી શકશે